વિકસતી જાતિ કલ્યાણ ખાતાની જગ્યાઓમાં
સીધી ભરતીમાં વિકલાંગ વ્યકિતઓ માટે
કેટેગરી વાઇઝ અનામતની ટકાવારી નિયત
કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃમકમ/૧૧૨૦૧૪/ ૩૬૨૩૦ /અ
સચિવાલય,ગાંધીનગર.
તા.૨૭/૧/૨૦૧૪

વંચાણે લીધોઃ-

(૧) રોસ્ટર શાખાનો ઠરાવ ક્રમાંકઃઅપગ/૧૦૯૯/૪૩૦/૭-૧ તા.૧૩/૧/૨૦૦૦

(૨) આ વિભાગની રોસ્ટર શાખાનો તા.૨૧/૧૧/૨૦૧૩નો પત્ર ક્રમાંકઃઅપગ/ ૧૦/૨૦૧૩/ ૬૫૧૨૦૩/રો.૧

(૩) સા.વ.વિનો તા.૯/૧/૨૦૧૪નો પત્રક્રમાંકઃરસક/૧૦૨૦૧૩/૨૮૨૧૬૪/૨

આમુખઃ-

વિકલાંગ અધિનિયમ-૧૯૯૫ ની જોગવાઇ હેઠળ વિકલાંગ વ્યકિતઓ માટે સરકારી સેવામાં ૩ ટકા જગ્યાઓ અનામત રાખવા ની જોગવાઇ છે. આવી જગ્યાઓ પર નિમણૂંક માટે કેવા પ્રકારની વિકલાંગતા ધરાવતા ઉમેદવારો ચાલી શકે તે માટે ક્રમાંક(૧) પરના રોસ્ટર શાખાના ત.૧૩/૧/૨૦૦ ના ઠરાવથી તજજ્ઞ સમિતિની રચના કરવામાં આવેલ છે.

ઉકત તજજ્ઞ સમિતિ ધ્વારા સચિવાલયના જુદા જુલા વિભાગો ધ્વારા સંચાલિત સંવર્ગોમાં વિકલાંગ વ્યકિતઓ માટે વિકલાંગતા નકકી કરવા /મુકિત મેળવવા અંગેની દરખાસ્તો પરત્વે વિચારણા કરી ક્રમાંક(૨) પરના તા.૨૧/૧૧/૨૦૧૩ના પત્રથી આ શાખા હસ્તકની નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ હેઠળની વર્ગ.૧ થી વર્ગ.૩ ની જગ્યાઓ પર કેવા પ્રકારની વિકલાંગતા ધરાવતા ઉમેદવારો લાયક ગણી શકાય તે અંગેની ભલામણ કરવામાં આવેલ છે.

ક્રમાંક(૩) પરના સામાન્ય વહીવટ વિભાગના તા.૯/૧/૧૪ના પત્રથી આગામી દસ વર્ષ માટે ભરતીના આયોજન બાબતે R.R. અને P.H. અંગે કાર્યવાહી કરવા જણાવેલ છે.

ઠરાવઃ-

તજજ્ઞ સમિતિની ઉકત ભલામણ સ્વીકારી નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ હેઠળની જગ્યાઓ માટે આ સાથે સામેલ પત્રક મુજબની વિકલાંગતા ધરાવતા ઉમેદવારોને યોગ્ય/લાયક હોવાનું આથી ઠરાવવામાં આવે છે.

આ હુકમો ક્રમાંક(૨) હેઠળના તા.૨૧/૧૧/૨૦૧૩ના પત્રથી વિકલાંગ વ્યકિતઓની અનામતની

ટકાવારી સુનિશ્ચિત કરવા અંગેની પેટા સમિતિની મળેલ ભલામણ અન્વયે આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અગ્રસચિવશ્રી(સા.ન્યા) ની તા. ૨૪/૧/૨૦૧૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જે.વી.દેસાઇ)
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નામદાર રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, ગાંધીનગર. *
- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી/રા.ક.મંત્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- માન.વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા, સચિવાલય,ગાંધીનગર.
- માન. મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- રજીસ્ટારશ્રી, નામ. ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ. *
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય,ગાંધીનગર. *
- અગ્રસચિવશ્રી, (સા.ન્યા.)ના અંગત સચિવશ્રીસચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી(ક.ગ) સામાન્ય વહીવટ વિભાગ સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, તકેદારી ભવન, ગાંધીનગર. *
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, એલ.ડી. એન્જીનિયરીંગ કોલેજ કંપાઉન્ડ, નવરંગપુરાપ્ દાવાદ-૧૫.
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતુ, ૪/3 ડો.જીવરાજ મહેતા ભવન ગાંધીનગર
- વિભાગની સર્વે અધિકારીશ્રીઓ/ સર્વે શાખાઓ.
- સીસ્ટમ મેનેજરશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.
- સિલેકટ ફાઇલ શાખા/ ના.સે.અધિ.શ્રી

( *પત્ર થી)

# પત્રક

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૭/૧/૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃ મકમ/૧૧૨૦૧૪/ ૩૬૨૩૦ /અ સાથેનું બિડાણ

## નિયામકશ્રી વિકસતિ જાતિ કલ્યાણની કચેરી

(૧) નાયબ નિયામક (વર્ગ.૧)................. OL ,BL, OAL, LV & HH MODERATE કક્ષાના ચાલી શકે.

(૨) સમાજ કલ્યાણ અધિકારી(વર્ગ.૨)...... OL ,BL, OAL, LV & HH MODERATE કક્ષાના ચાલી શકે.

(૩) આચાર્ય (વર્ગ૨)............................... OL ,BL, OAL, LV & HH MODERATE કક્ષાના ચાલી શકે.

(૪) મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી(વર્ગ.૩) OL ,BL, OAL, LV & HH MODERATE કક્ષાના ચાલી શકે.

(૫) સમાજ કલ્યાણ નિરીક્ષક(વર્ગ.૩) ....... OL ,BL, OAL, LV & HH MODERATE કક્ષાના ચાલી શકે.

(૬) સીનીયર કલાર્ક અને જુનીયર કલાર્ક (વર્ગ.૩) OL ,BL, OAL, LV & HH MODERATE કક્ષાના ચાલી શકે

(૭) ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષક અને માધ્યમિક શિક્ષક(વર્ગ.૩)..... OL ,BL, OAL, LV & HH MODERATE કક્ષાના ચાલી શકે

(૮) શિવણ સંચાલિકા (વર્ગ.૩)........................ OL ,BL, & HH MODERATE કક્ષાના ચાલી શકે

(જે.વી.દેસાઇ)
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ